જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૮૨/૧૭**

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## રીઢા ચોરને રીક્ષા ચોરી સાથે પકડી લઈ મિલ્કત સંબંધી ગુનાનો ભેદ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન ચોરી/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઢોર બજાર ચાર રસ્તા ખાતે વાહનમાં ચેકીંગમાં હાજર હતા તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.તારીફ ગુલામરસુલ તથા પો.કો.ઈન્દ્રજીતસિહ પરબતસિહનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે <u>અગાઉ લુંટ તથા વાહન ચોરીના ગુનાઓમાં</u> પકડાયેલ રીઢો આરોપી **મહમદઆસીફ ઉર્ફે કાંગારુ સ/ઓ મહમદયુનુસભાઈ શેખ ઉ.વ.૧૯ રહે હાલ : મ.નં.૧૪૩ બ્લોક નં.૫ સંતોષનગર કવોટર્સ ચાર માળિયા કેલિકો મિલ પાસે બ.પુરા દાણીલીમડા અમદાવાદ શહેર તથા મ.નં.૯૩૨ બ્લોક નં.૩૦ સંતોષનગર કવોટર્સ ચાર માળિયા કેલિકો મિલ પાસે બ.પુરા દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને** ચોરીની સી.એન.સી.ઓટો રીક્ષા નં. નં.જીજે.૦૧:સી.ટી.૩૦૨૬ કિ,રુ,૬૦,૦૦૦/ ની સાથે સી.આર.પી.સી.કલમ-૪૧(૧) ડી મુજબ પકડી લઈ સદરી ઈસમની પુછપરછ કરતા સદર રીક્ષા આજથી આશરે ત્રણેક દિવસ પહેલા **<u>રામોલ ગામ હજરત જોરાવર શાની મોટી દરગાહ પાસેથી</u>** ચોરી કરેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી એક મિલ્કત સંબંધી ગુનાનો ભેદ શોધી કાઢેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**